२६३८

केदारसींह चरित्र नाटकना गायनो.

સુત્રધાર— **मंगळाचरण.**

(છંદ માલિની)

ધર ધર ધર ધ્યાને વિનતી હે દયાળુ,
કર કર કરૂણાને દીન જાણી કૃપાળુ;
નરપતિ કુળ નાટારંભને આદરૂં છું,
સદય હૃદય દ્રષ્ટી તાહરીને ચહું છું. ૧

(હરિગીત છંદ.)

કેદારસિંહ પુંવાર રાજા નગર ઠઠ્ઠાધિપતિ,
તે તણું નાટક આજ કરવા દીલ હીંમતને અતિ;
નિર્વિઘ્ન કરવા હે દયાળુ ધ્યાન ધરવું તાહરૂં,
હે કૃષ્ણ કમલાના પતિ કર સિદ્ધ કાર્યજ માહરૂં. ૨

(તમામ પાત્રો મળીને ઇશ્વર સ્તુરતી કરે છે)

નિર્ગુણાકૃતિ નિર્વિકલ્પ તું,
પ્રણત પાપ નાશક પ્રભુ નમામિ હું. (ટેક.)
બાહ્યાભિતર તું વિચરે છે, તોપણ નિર્ગુણ રૂપ.
જગદુત્પત્તિ સ્થીતી કરેછે કરી ઉપાધી દુર. નિર્ગુણા. ૧
પ્રથ્વિ અપને તેજ વાયુ આકાશ પ્રગટ કર્તા,
સાક્ષીરૂપ ધરી નિષ્પાપિ વીશ્વો સંહરતા. નિર્ગુણા. ૨
દ્રશ્ય પદાર્થો સર્વ તારી કટાક્ષથી હાલે,
તોપણ તું નિર્વ્યલિક કેવા પંડીત ઓત આલે. નિર્ગુણા. ૩

અહંકાર વિકાર વિચાર મમત્વ તમો ગુણ જેહ,
સુક્ષ્મ બુદ્ધિને સમત્વ જનપર સત્વ પદાર્થો તેહ.નિર્ગુણા. ૪
અશનાદિ છે રજત્વના ગુણ માયા મમતા કુરે,
શોડશ વિકાર ચોવિશ તત્વો તેથી તું છે દુર. નિર્ગુણા. ૫
તારી અતિ ગતિ ઇશ્વર અંતર્યામિજન જેહ,
સુક્ષ્મ બુદ્ધિથિ જોવા ઇચ્છે મુરખ મન જન તેહ.નિર્ગુણા. ૬
માટે નમન કરી મોક્ષ ઇચ્છા રાખી ભરપૂર,
મોક્ષ ધામમાં કામ લગાડી વિનવું પ્રાતિપુર. નિર્ગુણા. ૭

(પ્રવેશ ૧ લો)

જસરાજસિંહ—(પ્રજાનુ શુભ થવા માટે શાસ્ત્રીજીને બોલાવવા સમંધી વાર્તા)

(અલેક્ફસેં તું યાદ કર એ રાહ.)

હે પ્રધાન તું કહે છે વાત તે ખરી,
શાસ્ત્રીને બોલાવીયેરે ભાવને ધરી. હે પ્રધાન. ૧
શાસ્ત્રીજી તણારે સત્ય વાક્ય ઉપરે,
રાખી વિશ્વાસ વરતીયે રે સૌ પરે. ૨
લોક સર્વ સુખને રે પામે જે થકી,
તેવું નિમ રાખી મારે વર્તવું નકી. ૩
ધન્ય રે સચિવ તુંને શાસ્ત્રીજી તણી,
વાત યાદ આવી આજે રે સુજ્ઞાનની. ૪
નિશ્ચે આજ શાસ્ત્રીના સુબોધથી અરે,
જાશે દુખ આપણી પ્રજા તણું ખરે. ૫

શાસ્ત્રીજી પધારી બોધ સત્ય આપશે,
આપણું કૃપાલુ દુખ નેરે કાપશે. ૬
શાસ્ત્રીજીને તો બોલાવવાને દ્વારપાલ,
જા તું વેગથી અત્યારે નાહી કરે વાર. ૭

શાસ્ત્રી—(પ્રવેશ કરતા બોલે છે).

(હરિગીત છંદ.)

શુભ ગુણના ભંડાર સાગર સન્મતિના છો સદા;
વિખ્યાત નૃપ જસરાજસિંહ ઉદાર ટાળક આપદા.
આશીશ મારી હે કૃપાલું શાંભળો સુખ શેશમાં,
જય જય થજો અવિચલ હજો નૃપ રાજ્ય તારૂં દેશમાં. ૧
પરદુઃખ ભંજન રામ સમ બલવાન ભીમ સમાન છો,
વળી સસ્ત્ર અસ્ત્ર પ્રવીણ અર્જુનના સમાન પ્રસિદ્ધ છો. ૨
તું દાન દેવામાં બળી રાજા સમાન ગણાય છે,
તું સત્ય વકતા ધર્મ રાજાના સમાન જણાય છે. ૩
તવ મુખમાં છે વાસ માતા શારદાનો હે પ્રભુ,
ભંડાર છે ભરપુર લક્ષ્મીથી વિશેષ કૃપાવિભુ;
પુત્રો સમાન પ્રજા ગણી સમ ન્યાય આપેછે સદા,
તારા સમાન વિશુદ્ધ બીજો ભૂપ દેખ્યો ના કદા. ૪

અલેક્સ તું યાદ કર એ રાહ.

હે દયાનિધિ ભુપાલ આપ ટેકથી,
સર્વ સુખ પામશું નૃપાલુ નેકથી. ૧
પ્રજા હિતના વિચાર આપના ઘુણી,

ખુશીતો થયોછું ભૂપ હે મહા ગુણી. ૨
જે નૃપાલ પુત્રની પેઠે પ્રજા તણું,
શુભ ચાહે શુદ્ધ ભાવથી નકી ઘણું. ૩
તે નૃપાલ સ્વર્ગ સુખમાં ફરે પ્રભુ,
દુઃખ રૂપ ઉદધિ નડે નહીં વિભુ. ૪

(નાગનકે જૈસે નાગ ઉસે પ્યાર નહીં કરના. એ રાહ).

નૃપતિ લક્ષણો કહું છું નૃપતિ સાંભળો,
તે પ્રમાણે શુદ્ધ ધર્મ નીત્ય પાળવો; નૃપતિ લક્ષણો. ૧
પુત્રને અને પ્રજાને એક દ્રષ્ટીથી,
હિંસુ વિચારથી નિહાલવાં નકી (નૃપતિ.) ૨
એઉને સમાન યોગ્ય દંડ આપવો,
ધર્મશાસ્ત્રનો આધાર નિત્ય રાખવો (નૃપતિ.) ૩
બ્રાહ્મણોનું માન યોગ્ય નિત્ય જાળવી,
સાધુ સંત યોગીઓની આજ્ઞા માનવી (નૃપતી.) ૪
નિતિશાસ્ત્ર મનુ સ્મૃતી પ્રમાણે ચાલવું,
નૃપતીએ તો દીર્ઘદ્રષ્ટીથી નીહાળવું (નૃપતી.) ૫
હૈમબાળી અંબીકાને શુધ ભાવથી,
પુજવી હમેશ ચીત્ત નિશપાપથી (નૃપતી.) ૬

કેદારસીંહ—(કાષ્ટના ઘોડાને જોઇને પીતા પ્રત્યે)

(બાહાર આઈ ભરદે બાદ સહઆં ગુલબાંસે પેમાના. એ રાહ)

તૈયાર હું પિતાજી મેં અશ્વ ફીરાનેકું,
લેતા હું મૈ સાથ મીત્ર દીપચંદકું. તૈયાર હું. ૧

અશ્વ કાષ્ટકે પર ચઢી જાનેકું તૈયાર,
પવિત્ર પુત્ર પ્રધાન કે, દીપચંદ હુશીયાર. તૈયાર. ૨
અતિ હીંમતકું ધારકે હુવે દોનુ તૈયાર,
ફીકર ન કીજે બાલકી, મેં હું આપકા કુંમાર. તૈયાર. ૩
અબી આઉગાં જાનકે, અશ્વ કાષ્ટકી રીત;
શાસ્ત્રી વર્ય પ્રણામ મમ, લીજે રાખી પ્રીત. તૈયાર. ૪

(પ્રવેશ ૨ જો.)

(સ્થળ આરાસુર પર્વત.)

કેદારસીંહ—(અશ્વના સંચા તુટી જવાથી ઇશ્વર સ્તુતી કરેછે)

ગિતી

હે જગખ્યાતા દાતા, ગુણ લવહીના તણી અરજ ધારી;
વિશ્વ વીશે વિખ્યાતા, શાતા કરવા દયા કરો સારી. ૧

દીપચંદ— ગિતિ.

અજ્ઞાની સુજ્ઞાની, કરવા હરવા દુઃખ દેવ જાણો;
મમ મતિ નિર્મળ કરવા, દરવા દાલીદ્ર દુઃખ પરમાણો. ૨

કેદારસીંહ— ગિતી.

લાગી તૃષા અતિશે, નિરમળ જળને સ્થાનક તો જઇયે;
સુખ નિદ્રાને લઇયે, સામે ગામે જઈ સુખી થઇયે. ૩

દીપચંદ— ગિતી.

આજ્ઞા શીર ચઢાવું, મીત્ર વર્યની સુખે થકી સુર;
ખરે દિધિ કાઆા છે, નિર્મળ અંબુ થકીજ ભરપુર. ૪

કેદારસીંહ—(વાવની અંદર આરસ પથરની પુતળી જોઈ આશક્ત થાય છે ને અંબાની સ્તુતી કરેછે)

(મુઝે છોડ ચલા બનઝારા. એ રાહ.)

મા કહોને વાત વિસ્તારી, આ કોની પ્રતીમા ભારી.—ટેક.
જો આ લલના નવ મળશે, તો દેહ પાડવો પડશે;
મા દીચોને મતિ સુધારી, આ કોની પ્રતીમા ભારી. ૧
હું પુત્ર તમારો કાવું, ને દુખ વેઠીને જાવું;
એ અઘટીત વાત વીચારી, આ કોની પ્રતીમા ભારી. ૨
જો સત્ય તમે નહીં કે'શો, તો ભોગ અમારો લેશો;
હું મરૂં વીના એ નારી. આ કોની પ્રતીમા ભારી. ૩

(રાગ જંગલો ઝીંઝોટી.)

કરને સુભાગી માતુરે, મારી અંબામૈયારે. કરનેસુ—ટેક.
હું છું તારોરે વત્સ ભવાનિરે, અધ હારીયે ભવાનીરે. મારી.૧
આ પથરનીરે દેખી પ્રતીમારે, દીગમુઢછું કનીમારે. મારી.૨
એ નારી નવરે મળશે મુંનેરે, મમશીર આપું તુંનેરે. મારી.૩

(લાવણી.—લાજ તું રખલે ભવાની. એ રાહ.)

અંબીકે જગતપાલિની તું, નમુછું વાર વાર મા હું;
રંક હું મહિશ મર્દિનિમા, સુખ દેવાને તત્પર થા. ટેક.
ભગત મનોરથ પુરણ મૈયા, આરાસુરવાસી;
માત તાતને ભ્રાત સર્વ તું, તું ગંગા કાશી. રંક હું મહીશ.૧
હું આવ્યો છું શર્ણ તમારે, મહંમાયા કાલી;
ભાગ્ય ઉદય તો કરો ભવાની, વર દે બીરદાલી. રંક હું મહી. ૨
હે માતુ હે માત ભવાની, હે અંબે બાલી;
એક નારીથી કરો સુભાગી, મુંને વિશ્વપાલી. રંક હું. ૩

(અંબાજી પ્રસંન થઇને વરદાન આપેછે.)

પ્રવેશ ૩ જો.

મદીરાક્ષી—નાગકંન્યા પ્રત્યે (ગિતી.)

હે મમ ભગીની તું તો, મૃત્યુંજયને યાદ કરે મનમાં;
કામ જ્વરનિ પીડા જાશે, થાશે અતિ સુખ તનમાં. ૧

નાગકુંન્યા— (ગિતી.)

હે કુસુમા મુખ તારાં, વિચિત્ર ચીનો બતલાવે મુજને;
શંકર રીપુ થયાથી, વળી દહન કરવાના છે તુજને. ૨
ભ્રમર કમલને છોડી, મમ મુખ ચુંબન કરવાનું કે છે;
રતિ પતિ નિર્લજ સાથે, દુઃખ દાવાનળ વરસાવારેછે. ૩

મદીરાક્ષી— ગિતી.

હે અંબે કલ્યાણિ, મંગલમુર્તિ વિઘ્ન હુંસકારી;
દે અતિ મતિગતિ સારિ, ધારિ નારી દીનગતિ હારી. ૪

શશીલેખા— ગિતી.

હે પન્નગની પુત્રી, યાદ વચન આ ધરો સુખે મનમાં;
મદન નીવારણ કરવા, તવપતી ક્યાંથી લાવું હું વનમાં. ૫

નાગકુંન્યા— (રાગ કાલિંગડો.)

મદન મુને પીડેરે, સખી શું થાયેરે. મદન મુને. ટેક.
મદન સદનમાં બીરાજી, દુખ દેછે અતુલ;
સખી હવે નહીં સહન થાશે, જો વીચારી કુલરે. મદન. ૧
હું અભાગીહીન વીચારી, તાત ન જાણે દુઃખ;
પતિ વીનાની અબળા નારી, ક્યાંથી પામે સુખરે. મદન. ૨
તું છે મારી વાલકડીને, તું છે મારી માત;

સ્વામી વીના હું હવે ન જીવું, માને મારી વાતરે. મદન. ૩
હે શશીલેખા હે મદીરાક્ષી, સમજે આનો સાર;
પ્રાણપતિને ગોતિ લાવે, આલું મારો હારરે. મદન. ૪

શશીલેખા— (મેવાડો.)

મારી પ્રાણ પ્યારી બેનીરે, તું શા માટે મુઝાય;
શા માટે મુઝાયરે શા સારૂ કલાય. મારી પ્રાણ પ્યા. ટેક.
ધારી મન ધારણાને થા, બેનિ તું સ્વસ્થ;
શોકરૂપી રાહુયેરે, આસ્ય કર્યું ગ્રસ્થરે તું શા માટે મુ. ૧
બરજોમનની ભામિનીને, વરશ થયાછે શોક;
ચંદ્રબદની ચંચળાને, કામે કીધુ જોરરે. તું શા માટે. ૨
ગાંડી થામાં સુંદરી, આ વાવની માંય;
કોમલાંગી કાન્તનેરે, ક્યાંથી લાવું આંયરે. તું શા માટે. ૩

નાગકન્યા—(અંબાની સ્તુસ્તી કરેછે) રાગ ધન્યાશ્રી.)

અહો આદ્યમાયા તું ભવાની, કર દ્રષ્ટી કૃપાથી દયાથી. અહો.
હું તવ દાસી માતભવાની, નામ રટું અઘહારી. અહો આ. ૧
રૂદ્રાણી તું રૂદ્રસ્વરૂપા, પતિતણાં વરદાની. અહો આ. ૨

(રાગ સદર.)

અંબા શરણ તારે, રે આદ્યમાયા અંબા શરણ તારે. ટેક.
હું તવ દાસી તમો દયાળુ (૨) દુઃખ અતિ મારે—રે આદ્ય. ૧
પતિવીના મમ પ્રાણજ જાશે, દુખ બહુ થાશે—રે આદ્ય. ૨
સંકટ સર્વે માત નિવારો, આ દુઃખથી તારો—રે આદ્ય. ૩
ઇચ્છારે પુરણ કરજેરે મારી, દે ભક્તી તારી—રે આદ્ય. ૪

(રાગ જોગવ્યાશા.)

આશુભવાનિ માતુ હે મારી, વિશ્વવીનોદિની જનસુખકારી;
ગુપ્ત વાવમાં વાસ વસીને. (૨)
અતિ સુખદીન ગુજારૂં છું ધારી—આશુભવાની. ૧
પતિ વિના અતિ વિકલ થઇ છું,
કરને સુભાગી વિઘ્ન વીદારી—આશુભવાની. ૨

શશીલેખા—(કેદારસીંહ તથા દીપચંદને જોઇને.)

(ગજલ ઇંદ્રસભાની ચાલતી હબની.)

શુંણજો હમારી વાત, આપ તો વીચારી;
ક્યાં થકી તમે પધાર્યા, બોલજો સુધારી. ૧
માત તાતનું બતાવો, નામ તો તમારૂં;
સુંદર સ્વરૂપવાન, માનજો અમારૂં. ૨
જાઓ સદ્ય આહીથી. તમે તમારે ગામ;
ખાનગી અવાસમાં નહીં, તમારૂં કામ. ૩
ક્રોધિ તાત નાગ છે, તે બાળશે તમોને;
પાપ એ હું આદમીનું, લાગશે અમોને. ૪

દીપચંદ—(દાસીને પોતાની હકીકત કહેછે)

ગિતી.

છે મમ મીત્ર પ્રતાપી, કેદાર નામે રાજવંશી ભૂપ.
દિપચંદ તો હું છું. વણિક જ્ઞાતિનો કલા ગુણ કુપ. ૧

કેદારસિંહ— (રાગ ઝીંઝોટી ઠુંમરી)

શુંણ રે દાસી સાવધ થઇ તુંતો ધીરજ મનને ધાર. ટેક

હું છું રાજા નગરઠકાનો, આને મીત્ર મારો પરમાણ શુ૦ ૧
નાગ તણો તું ભય બતાવે, તેનો નાશ કર્યો નિરધાર. શુ૦ ૨
તારી સખીની ઇચ્છા માટે આવ્યો આહીં સુભાગીનાર. શુ૦ ૩
સુંદર સ્થાનક દેખી મારૂં, દીલ ખુશી થયું તે વીચાર. શુ૦ ૪

શશીલેખા— (નાગકન્યાને ધીરજ આપેછે)

ગિતી.

કર દ્રઢ મન ને આલી, ખાલી શું શોચ તું ધરે મનમાં.
બન્યું હતું બનવાનું ઇશ્વર, આરાધના કરો તનમાં. ૧

નાગકન્યા— (સદર)

હે દાસી તું માતા ભ્રાતા ત્રાતા વીશ્વાસીની બેની.
સર્વે તનમન ધન તું ઉપાય આનો શું કરવો કેનિ. ૨

(લલિત છંદ)

તાત માહરા ક્યાં તમે ગયા, આવી વેદના ને સહી રહ્યા,
આ દુખો હવે ના ખમાય રે, પ્રાણ માહરો કાં ન જાય રે.
માત માહરી મુકીને ગઈ, દુખિણી પીતા ત્યાં થકી થઈ.
સુખ નાવીયું દુખ થાય રે, પ્રાણ માહરો કાં ન જાય રે;
દુષ્ટ આ જનો ક્યાંથી આવીયાં, પ્રાંણ તાતના રે છોડાવીયા
હે પ્રભુ હવે શું કરાય રે, પ્રાંણ માહરો કાં ન જાય રે.
આપ માહરો સત્ય થાય રે, આનૂપાલનાં પ્રાણ જાય રે.
સુખ મુજને ત્યારે થાય રે, પ્રાંણ માહરો કાં ન જાય રે.

(સૈયર દુખ શું દાખવું. એ રાહ.)

અરરર હવે હું શું કરૂં, તાત ચાલી ગયા રે.

હું દુખીયારી રે તો થઈ, પુણ્ય મારાં ગયાં રે, અરર ટેક.
હે મમ તાત તમારડી, આ છે પુત્રી ખરી રે.
તેને છોડી ન જવાય રે, ધ્યાન લાવો જરી રે. અરર. ૧
તાત વિનાની જેણુ કરી, તેનું સર્પ થકી તો,
મૃત્યુ થશે રે આ વારમાં, શુંણ દાસી નકી તો. અરર. ૨

કેદારસીંહ—(નાગકન્યાના શ્રાપથી સર્પ કરડવા આવેછે તે વખત વીલાપ કરે છે.

(રાગ સોરઠ.)

જોજે દીપચંદ મમ મીત્ર સર્પ આ આવીયો રે. (જોજે)
પન્નંગ પુત્રી શ્રાપ થકી તો સર્પ કાટશે મુને નકી તો.
જાશે પ્રાણ હમારાં દુખે ફસાવીઓ રે. (જોજે)
કેજે માતપીતાને આવું ભાવી પદાર્થનું જે થાવું,
ધીરજ દેજે મીત્ર વર્ય તું જા વયો. (જોજે)
કુટુંબ સરવને ધારણ દેજે સર્પ દંશની વાતું કેજે,
સેહેજે મારો વિયોગ દૈવ થકી થયો રે. (જોજે)

દીપચંદ—(કેદારસીંહ મરી ગયો તેથી તેના મીત્ર દીપચંદ નો વિલાપ)

(સૈયર દુખ શું દાખવું. એ રાહ.)

મીત્ર ગયો રે કૈલાસમાં દીન હુંતો થયો છું.
કેદારસીંહ વીના હવે જન્મ હારી ગયો છું. મીત્ર ગયો રે.
સુખ ગયું રે ધસાઇને દુઃખ આવ્યું નકી રે.
હે દશ તે રે જુદો કર્યો હાયે મીત્ર થકી રે. મીત્ર ગયો રે.
આ દુઃખ મારૂં ત્રીવીક્રમ કોને કેવું જઈ ને,

મીત્ર વીના રે જવું કહાં હા નીરાશ થઇને. મીત્ર ગયો રે.
માટે રે પાડવો દેહને એતો નિશ્ચે ખરૂં રે.
સ્વર્ગ તણા રે હું સુખમાં મીત્ર સાથે ફરૂં રે. મીત્ર ગયો રે.

શશીલેખા—(કેદારસીંહ તથા દીપચંદનું મૃત્યુ થવાથી વિલાપ કરતાં નાગકન્યા મુરછીત થાય છે તે વખત)

ભિતી.

શોચ કરોનાં બેની, જેની ક્રોધાગની થકી બનશે;
તે તારાં દુરભાગ્યો, પ્રથમ શાપના ફલો તું ભોગવશે. ૧

(હે બેની પ્રથમથીજ ઈશ્વરે તને જે પતી આપ્યો તેનું શાપ દઇને સરપથી મૃત્યુ કરાવ્યું, તારા પીતા પણ મરણ પામ્યા અને પતીનો પણ નાશ થયો. હવે શું કરવું તે કાંઈ સુઝ પડતી નથી, ત્યારે નાગકન્યા આજ મારા પતી છે એમ સમજીને મરવા તૈયાર થઈ વિલાપ કરેછે.)

નાગકન્યા— (રાગ સીતાજીના મહીનાનો.)

સખી દુઃખ પડ્યું આ હાર પ્રાણપતિ તો ગયા;
વળી તાત ગયા કૈલાસ દુઃખી દીન તો રયા. ૧
મારી ઈછા હતી મન માંહી, પ્યારા પતીને મળી,
હું કરીશ વિલાસની વાત, નીરાશ હવે બની. ૨
અહો રાજકુમાર સુજાણ, મારે માટે આવિયા;
મારા શાપ થકી તેના પ્રાણ, પન્નગે છોડાવીયા. ૩
માટે દેહ પાડું આણી વાર, સ્વર્ગે જઇને મળું;
જેથી મોક્ષ મળે ભરથાર, સંગે જઇને બળું. ૪

મહારાણી— (નીગે તલવાર કાઢી હે) એ રાહ.

અહી પુત્રી તું બેનીરે, રહે દીલગીર પ્યારીતા (ટેક)
ધરી મન ધીર થા તું સ્વસ્થ, નહીંદે દેહીકું કષ્ટ; (અ૦)૧
હશે ભાવી થવાનું આ, કરો ના કષ્ટ સાવધ થા; (અ૦)૨
થઈ દીગમુઢ તું આલી, દુઃખી એ દાસીયું બાલી; (અ૦)૩
અમોને સુઝ ના પડતી, શુભાશુભ રીત ના જડતી; (અ૦)૪
જગન્માતા અંબાજીની, કરો સ્તુતી ભવાનીની; (અ૦)૫

(નાગકન્યાનો વિલાપ સાંભળી અંબાજી પ્રસંન થઈ દીપચંદને તથા કેદારસિંહને સજીવન કરેછે તથા નાગકન્યા ને કેદારસીંહની સાથ લગ્ન કરવાનું કહેછે ત્યારે બધાઓ મળીને અંબાજીની પ્રાર્થના કરેછે.)

(રાગ આશાગોડી.)

માતુ સ્વસ્થાને પધારો અંબાજી માતુ સ્વસ્થાને પધારો;ટેક.
અતિ શ્રમ લીધો આપ કૃપાલુ,
માતુ દુઃખોને નીવારો; અંબાજી માતુ૦ ૧
પામર જન છીએ નવ દુર્ગે,
આશરો એક તમારો; અંબાજી માતુ૦ ૨
કાલપાશથી અમને છોડાવી,
મૃત્યુ થકી તો ઉગારો; અંબાજી માતુ૦ ૩
આદ્ય ભવાની અખીલ વિશ્વની,
માયા મોહ વિદારો; અંબાજી માતુ૦ ૪

પ્રવેશ ૫ મો.

નાગકન્યા—(મારૂં દીલ લાગ્યુંરે પઢાણશું એ રાહ.)

હે ભવાની ભોળી માતરે (૨) ભુલુંરે નહીં ભગિત તાહરી.
ઇચ્છા પુરણ કરાય (૨) કૃપા તારી થકી માહરી. ટેક૦
તેં સુખ આપ્યું આરાસુરી તારી ગતિરે અપાર (૨)
જનમજનમ માગું એ પતિ કેદારસિંહ પરમાર; ભુલુંરે૦૧
પતિરે અનુપમ આવીઓ, શુભ ગુણનો ભંડાર (૨)
કળારે કુશળને પરાક્રમી, શુરવીર જગધાર; ભુલુરે૦૨
નૃપતિ અનુપમ મોકલ્યો, રહીઆળોરે સુરૂપ; (૨)
પરમાર કુળનોરે દીપક, વિદ્યા ગુણનોરે કૂપ; ભુલુંરે૦૩

(સ્વદેશી સજનો એ રાહ.)

નૃપતિ કુલના હે શીરોમણી અપપાદ પદ્મ સેવા આચરૂં ઘણી;
આપ પતિથી અતુલા નદી હુંછું પ્રેમાધાર;
કુશળ તમારૂં સદાય ઇછું સુખ ગણું સંસાર; નૃપતિ૦
પ્રીતમ તમ દર્શનથી પામું હર્ષ અતિશય તન;
ઇંદ્ર રાજ્યથી અધિક સુખ આ હું માનુંછું મન; નૃપતિ૦
સ્વર્ગ મૃત્યુ પાતાલ સમાન અનુપમ વાવ ગણાય;
આપ પતિની કૃપા થયાથી દીલ અતિ હર્ષ ન માય; નૃપતિ૦
હુંછું દાસી આપ તણી ને તમો અમારા ઇશ;
પરમ કૃપાલુ પુંવાર રાજા કૃપા કરો જગદીશ; નૃપતિ૦

કેદારસિંહ— (અલેક્સે તું યાદ કર એ રાહ.)

પ્યારી તાહરી મધુરે વાણીમાં છું લીન,

ના ગણીશ નારી તું મુનેરે કદી ભીન; ટેક૦

અંબીકા કૃપાથી સુંદરી મુને મલી,

દેખી હર્ષ દીલમાં ન માયરે જરી; પ્યારી તાહરી૦

તાહરી મૃગાક્ષીથી હું સ્તબ્ધ બન્યો નાર,

મધુર મધુર વચન ગતિ હંસની અપાર;

ચંદ્રતા સમાન મુખ રાગ દેખીને,

કેસરી કટીને કમલ નેત્ર પેખીને.

સુંદરી સ્વરૂપ તાહરૂં નીહાળીને,

શુક ચંચુ નાસીકા સમાન ભાળીને;

લીન થયો હાવભાવથી મૃણાલીકા,

ઉદય ભાગ્યનો ગણુંછું હે વીશીલીકા.

નાગકન્યા— રાગ ભૈરવી.

(ગયા યાર મેરા અબ કોઈ નહીં એ રાહ.)

પીયુ મારા તમારી હું દાસી છઉંરે,

પ્રીતમ સેવા નીત્ય ચહું; પીયુ મારા૦ ટેક૦

પરમકૃપાલુ પતિ સુંદર સરોજ મુખ,

પ્રીતથી નીહાળી દીલ ખુશી રહું; પીયુ મારા તમારી૦

(નાગનકે બચ્ચે નાગઉસે પ્યાર નહીં કરનાં એ રાહ.)

પ્રીતમ પધારો આજ અંબીકા સ્થળે,

દીપચંદ્ર સાથ આજ આવેરે ભલે; પ્રીતમ પધારો૦

અંબીકા તણી કૃપાથી આ સુખો મળ્યાં,

વિઘ્ન આપણાં હતાં તે દુરરે થયાં; પ્રીતમ પધારો૦

માટેરે પ્રીતમ વેલા ચાલો તે દીશ,
વિલંબ થવો ન જોઇએ કાર્ય આ વિશે; પ્રીતમ પધારો૦
ધુપ દીપ ને નૈવેદ્ય આદિ ઉપચાર;
સુગંધી પુષ્પો તૈયાર કીધાં છે અપાર; પ્રીતમ પધારો૦
શીઘ્ર ત્યાં જઈ અંબાની પુજાને કરી,
આવી એ ત્વરાથી પ્રાણનાથરે ફરી; પ્રીતમ પધારો૦

પ્રવેશ ૬ ઠો.

નાગકન્યા—(કેદારસિંહે પોતાના મીત્ર દીપચંદને શયનગ્રહમાં આવવા કહેલ તે મુજબ દીપચંદ આવી પલંગપર બેસેછે અને ગઈ રાત્રીના ઉજાગરાથી સુગંધી હવાને લીધે નીદ્રાવશ થઈ જાયછે તે દરમીયાનમાં નાગકન્યા પોતાના પતિ સુતા છે એમ જાણી જગાડવા પ્રયત્ન કરેછે.)

(જરા સુનોતો સહી એ રાહ.)

પ્રાણના નાથ માહરા હવે તો જાગીએ,
નાગની કન્યકાની અરજી સ્વીકારીએ; પ્રાણના નાથ૦
નીંદ્રાને છોડીએ હે પ્યારી કહીને બોલીએ,
દીલની વાત પ્રીય પ્યારી પાસે ખોલીએ; પ્રાણના નાથ૦
નીરાશ નીર્ભાગીણી ન કીજીએ હે પ્રીયવર,
પ્રીતીનો બોધ મુને દીજીએ હે સુંદર; પ્રાણના નાથ૦

રાગ કાફી.

(હોરી પ્રીતમ વેલા આવજો રાતે એ રાહ.)

પ્રીતમ પ્યારા કેદારસિંહ જાગોને મારા પ્રાણ,

આપ તણા હું માનની ભૂખી ઉભી થઈને નીરાશ;
આવ પ્રીયા કહો નાથજીરે, બેસારો આપની પાસ; પ્રીત૦
ચરણ કમલની સેવારે કરવા દાસી તમારી તયાર,
નીદ્રા વીસારી આ પ્યારી તણીતો બાંહે ગ્રહો પ્રેમાધાર; પ્રીત.

(નાગકન્યા આટલી સ્તુતી કરતાં પણ પોતાના પતિ કેદારસિંહ જાગ્રત ન થયા જેથી પોતે પણ પલંગપર સુઈ જાયછે ને કેદારસિંહ પ્રવેશ કરતાં આવો ભયંકર દેખાવ જોઈ દીપચંદને ક્રોધથી જગાડે છે. તે વખત દીપચંદ પશ્ચાતાપ કરેછે.)

દીપચંદ— (અલેકમેં તું યાદ કર એ રાહ.)

હાય હાય આ શું કૃત્ય મેંરે આચર્યું,
મીત્રના પલંગપર શયન મેં કર્યું. હાયહાય૦
માનુ મારી નાગકન્યા છે પવિત્ર નાર,
તેણે તો ન દીર્ઘદ્રષ્ટીથી કર્યો વિચાર;
ધીક ધીક મારી જાતને મુને હે ઈશ,
મુર્ખે મેં વિચાર કર્યો નાહીં જગદીશ.
મારૂં શીર તો ભલે જાને કૃપાવિભુ,
સાધવી સતીનું શું થશે હવે પ્રભુ;
હાયહાય મારી મુર્ખતા મુને નડી,
પણ સાધવી સતીને વિપતિ પડી.
મેં વિચાર્યું શયન તો કરૂં હું બે ઘડી,
આવું પરીણામ થશે ખબર ના પડી;

સાક્ષીરૂપ હે અનાદી તુંજ જાણે છે,
હું છું નીશ પાપી એમ તું પ્રમાણે છે.
પણ મીત્રનો વેહેમ નાહીં રે ટળે,
શીર કાપશે તથાપિ દુર્ગુણિ ગણે;
ઈશ ભલે મીત્ર મુને હાથે મારજો,
પણ સાધવી સતીનું સત્ય રાખજો.
નાગની કુંમારીકાનું સત્ય રાખજો,
હે પૃથિવી માત મુંને માર્ગ આપજો;
આ કલંક શીર આવીયું ઉતારશો,
શુદ્ધ ઠેરાવીને પછી ઈશ મારશો.

કેદારસિંહ— (રાગ સદર.)

જા તું દુષ્ટ આહીંથી હે લુણહરામી,
નીચ જાત વણિક તેં કરીછે ખરાબી.
આજ લગી જાણતો તુને પવીત્ર મિત્ર,
કપટનો ભંડાર તું છે હૃદયનો વિચિત્ર.
મારી પ્રીયા સાથ આજ શયન તેં કર્યું,
તે ન સહન થાય દુષ્ટ કૃત્ય આચર્યું.
મારી પાસે જ્ઞાનની તું વાત આચરે,
ભીતરથી પરિણામ બુરૂં આદરે.
આ અસી થકી હું તારા ટુકડા કરૂં,
તોય ક્રોધ ના સમાય મનમાં બળું.
જા તું હવે આહીંથી લગાડ નહીં વાર,

લંપટ લબાડ લુચ્ચા જાણીઆ વીચાર.
જા કહું છું જા કહું છું જા કહું છું તું,
ખોટ મુને લાગશે જો મારી નાંખું હું.

દીપચંદ— (દરદી દીવાના એ રાહ.)

હે મીત્ર મારા (૨) તું વચન વિચારી બોલ,
અઘટીત કર્મ કર્યું નથી તું સત્ય વચનને તોલ.
આ તારી પત્નિ (૨) તે માત સમાન ગણાય,
દાસી એ ભગીની ગણું તોય સત્ય નહીરે જણાય.
હું સાફ દીલથી (૨) સેવામાં રે રહું છું,
જેહેમ તુને કેમ આવીયો હે ભ્રાત તું નેરે કહું છું.
મેં અજાણતાં (૨) નીંદ્રા આવ્યાથી ભુપ,
શયન કર્યુંતું આ સ્થલે તે વીચારીએ ગુણ કુપ.

(રાગ ઉપરનો.)

તેં દાસી સાથ (૨) મુને ખબર કર્યાતા રાજ,
શયન ગ્રહ વિશે આવજે હે દીપચંદ તું આજ.
હું આવી ઇહાં (૨) જોઉં ત્યાં તુને ન દીઠો,
નીદ્રાથી પરવશ થઈ આ પલંગપર હું બેઠો.
ત્યાં આવી ઊંઘ (૨) હું જાણું નહીં કંઈ વાત,
પતિ પ્રમાણી નાગકન્યા સુતાં છે મમ માત.
ત્યાં આવી તમે (૨) મુને રે જગાડ્યો હે ભ્રાત,
હું છું નીરદોશી પ્રભુ તવ પત્નિ જાણું માત.

કેદારસીંહ— (રાહ પંજાબી)

(ઇખદન મેંહ તકા એ ચાલ)

હે દુષ્ટ દીપચંદ પાપી જા અહીંથી સદા તું,
અયોગ્ય કર્મ દેખતાં—શીર કાપું આજ હું. હે દુષ્ટ. ટેક
નીચ કુળ વણીક જાત—લુણ હરામી તું થાય,
નાશ કરૂં આ સ્થળે તો—કૂળ માહરૂં લજાય; હે દુષ્ટ

દીપચંદ—

(નાગનકે બચે નાગ ઉસેં પ્યાર નહીં કરનાં એ રાહ.)

બોલ તું વીચારી મિત્ર, માહરા પવીત્ર;
દુષ્ટ હું નથી પ્રમાણો, નામુંને વિચીત્ર. બોલ તું. ૧
હું છું રંક જાત વણીક, તાહરો ગુલામ;
સદા છોડું ધામ, આપ ને કરી સલામ. બોલ તું. ૨
વેહેમ આવડો હે મીત્ર, ના ઘટે જરૂર;
વીપરીત થવા બેઠું છે, હવે અફસોસ. બોલ તું. ૩
પત્નિ તારી માત સમ, દાસી જાણું બેન;
ઘરી બનાવ થકી, તુંને આવ્યો વેહેમ. બોલ તું. ૪
તે ન દોષ તાહરો, હું માહરો ગણું;
તકદીરે મુંને ભુલવ્યો છે, ભ્રાત રે ઘણું. બોલ તું. ૫

પ્રવેશ ૭ મો.

(સ્થલ વાવની પાસેનું ઉપવન)

નાગકંન્યા—(રાગ પીલુ બરવાની ઠુમરી.)

પ્રાણનાથ દેખીયે અકાર પ્રીતને,

અન્યો અન્ય પ્રીત પક્ષી તણી રીતને; (પ્રાણનાથ૦)ટેક
સુશોભીત આમૃ વૃક્ષ નીગ્રોધ ઘટા,
જાઈ જુઈ કેતકીની દેખીયે છટા. (પ્રાણનાથ૦) ૧
ચોખલી ચમેલી નવ મલીકા તણી,
કેસર સુગંધી વેલ છેલથી બણી. (પ્રાણનાથ૦) ૨
ડોલર ગુલાબ ચોખલી ચમેલીની,
શી કહું અતુલ શોભા બંધુ પુષ્પની. (પ્રાણનાથ૦) ૩

(રાગ કનરો)

પ્રીત તણી આ રીત બતાવે,
પુષ્પ સુગંધી સમીર ઉડાવે. (પ્રીત તણી) ટેક.
પ્રાણ નાથ આ દ્રાક્ષા મંડપ,
હર્ષ અતીશય મન ઉપજાવે. (પુષ્પ સુગંધી૦) ૧
પક્ષી મધુર સ્વર ગીત ઉચ્ચારી,
કોકીલ કુંજ તણે મન ભાવે. (પુષ્પ સુગંધી૦) ૨
મધુર કલા ધર સ્નેહ થકી તો,
મંદગતી લલના સંગ જાવે. (પુષ્પ સુગંધી૦) ૩

કેદારસીંહ—(દીપચંદને શીર જુઠો આરોપ મુકી કેટલાક દીવશ પેહેલા કાઢી મુકેલ છે પરંતુ તે આ વખતે યાદ આવવાથી શોચ કરે છે).

(રાગ કાફી બરવાની ઠુંમરી).

શુણ પ્યારી નારી રે દીલ આનંદ ભરી, (ટેક).
આ ઉપવન મમ આનંદ દાતા રે,

આતા ભારી કરી રે શુણ પ્યારી નારી રે. ૧
તું પન્નગની પુત્રી પ્યારી રે,
નારી હર્ષ ભરી રે શુણ પ્યારી નારી રે. ૨
પણ મમ પ્યારી સુંદર ભામા રે,
રામા રસની ભરી રે શુણ પ્યારી નારી રે. ૩
આ વખતે મમ મીત્ર સુભાગી રે,
દીપચંદ યાદ કરી રે શુણ પ્યારી નારી રે. ૪
અશ્રુ આવે પશ્ચાત્તાપે રે,
મીત્ર ન મળશે ફરી રે શુણ પ્યારી નારી રે. ૫

કેદારસીહ તથા નાગકન્યા—(મીત્ર યાદ આવવાથી શોચ મટાડવા અંબાજીની પ્રાર્થના કરે છે).

(રાગ ઝીંઝોટીની ઠુમરી).

જગન્માત જગન્માત જગન્માત રે,
હે ભવાની અંબીકા તુ જગન્માત રે. (ટેક).
કાપ ને અમાપ દુઃખ સુખ આપરે. (હે ભવાની૦) ૧
દીપચંદ મીત્રને સુખી તું રાખ રે. (હે ભવાની૦) ૨
તુચ્છ વાતમાં મેં કીધો મીત્ર ત્યાગ રે, (હે ભવાની૦) ૩
થાય છે હવે હે માતુ અશ્રુપાત રે. (હે ભવાની૦) ૪
મેર કરી મેળવે તું મીત્ર સાથ રે, (હે ભવાની૦) ૫

(પ્રવેશ ૮ મો).

(સ્થલ વાવની પાસેનું ઉપવન)

(ચંદ્રાવતીનો રાજા લંપસેન નાગકંન્યાની મોજડી જોઇને

આશક થયેલ જેથી તે આને લેવા માટે માલણને મોકલેલ છે માટે માનુ માલણ ઢોંગથી વિલાપ કરે છે).

માનુ— (રાગ સીતાજીના મહીનાનો)

હું તો દુખીયારી છું રે નાર પ્રભુ કરો સહાય રે,
મારૂં હૈડું ફાટી જાય, રોઈ રોઈ હાય રે. ૧
હુંતો અબળા અને હીણ ભાગ્ય સુને કોણ આશરો,
મારે પડીયું દુખ અપાર, પ્રભુ કરૂણા કરો. ૨
હાય હાય હવે રોઈ રોઈ થઇ છું રે આંધળી,
છુટયુ નીર તે નેત્રો માંય, શકું નહી શાંભળી. ૩
હુંછું જોબન વેશે રે તોય, દુખે થઈ વૃધ રે,
થાશે સત્વર જોરે આ કાજ મળશે સમૃધરે, ૪
મારી સહાય કરો યદુરાય, શ્રીવિક્રમહે ધણી,
મારે શોચ તણો નહિ પાર જાવુંછે રે ઘરભણી. ૫
ભગવાન કરો હવે મેર, દુખ દુર તો કરો,
મારૂં મનવાંછિત ફલ થાય પ્રભુ દીલમાં ધરો. ૬

(આવો વિલાપ સાંભળીને નાગકન્યા આવેછે અને માલણ છેતરીને તેની પાસેથી મણી લઈ લે છે અને લંપટસેનને ઇસારતથી બોલાવે છે)

(ડોલરીયાની ડાંડી નવ ગજ લાંબી) એ રાહ.

આવો વેલા આવો રે તમે આવો મારા પ્રાણ
વેલા આવો રે રાજનજી ટેક
સીધ થયું છે આ કાજ હવે આવોને મહારાજ

મુને ઇનામની આશ ભણી રાખી છે મે પાસ
વેલા આવો રે રાજનજી. ૧
મે ઘણી તસ્તી લીધી થઈ કાર્ય તણી સીધી
હવે મળ્યો અમૃત નીધી મારા વાલા વેલા આવો
મુખ આપ્યારીને બતલાવો વેલા આવો રે રાજનજી.૨

નાગકન્યા—(અચાનક જંપટસેન આવી નાગકન્યાને ઓટ-લેથી પકડે છે તે વખત.

(રાગ ભૈરવીની ગજલ.)

હે નીચ જાત લાજ તું નમેરી કાં થયો મુને. હાંહાં નીચ.
પરદારા અભીલાશથી દુઃખ તો થશે તુને હે નીચ. ટેક.
આપ મારો લાગવાથી રાજ તાહરૂં જશે,
અહીં દુઃખ ભોગવીને નર્કવાસી તું થશે.
રાવણ ને દુર્યોધન પરદારા લોભથી
ગુમાવી રાજ તો ગયા (૨) સતી સ્ત્રીઓના કોપથી.
માટે રે મેલ મુર્ખ તું મુંને ન છેડ આ સમે
તું રાજ ધર્મ લોપમાં દુખી મુને તું કાં દમે.

નાગકન્યા— (દોંડી)

અહાં દુષ્ટ બુદ્ધિ આ શું કૃત્ય કીધું,
અપરાધ વીના દુખ બહુ દીધું.
મણીરત્ન મુને છેતરીને લીધું. અહાં દુષ્ટ.
ફૂઈ બાગણીને કીધો મે વિશ્વાસ.
નીચ જાત રાંડ ઉપજાવ્યો ત્રાસ

મારે જીવવાની નથી હવે આશ. અહાં દુષ્ટ.
હે અભાગી જાગી જો તું નીચ નારી
નાગ કુલની હું કન્યકા બીચારી
ફંદમાં ફસાવી જાયછે ધુતારી. અહાં દુષ્ટ.
સતી નારને તું દુખ દીએ ભારી
તે કદી ન સાંખશે પ્રભુ મુરારી.
થઇશ નર્ક વાસી જાણજે તું નારી અહાં દુષ્ટ.

(કંગનવા મોરા એ રાહ.)

મારા પ્રાણ પ્યારા આવો મારી પાસ વેલા રે.
હું દુઃખમાં ડુબાણી રે કલેશ સાગરે તણાણી રે
મારે કર્મે અવળુ કીધું દુઃખ માગીને મેં લીધું
મણી રજ પાડી લીધું અતિ દુખ દેવા રે. (મારા પ્રાણ.)૧
માટે સહાયતાને કરશો રે, પ્રભુ હીંમતને ધરશો રે
નહીતર દેહ મારો જાશે અકાળ મૃત્યુ થાશે
મારાં પ્રાણ તો લેવાશે આ પ્રણામ છેલારે (મારા પ્રાણ.)૨

પ્રવેશ ૯ મો.

(સ્થલ આરાસુર પર્વત)

દિપચંદ—(પોતાના મીત્ર કેદારસિંહે જુઠો આરોપ આપી કહાડી મુકેલ છે જેથી મરવાને તૈયાર થાય છે)

ગિતી.

વિશ્વ વિનોદી માયા, કાયા હું પાડવા અહિ આવ્યો

કટારે આ કર ઝાલી, કાલી કલંકો થકીજ ભરમાવ્યો ૧

અંબાજી— (પ્રસંન થઇને)

ગિતી.

ધર ધીરજ મમ વત્સા, હજ્ત થકી તું કટારને હરને.
જલ બંધનથી છોડી, કેદાર દેદારને ફરી કર ને. ૧

દીપચંદ— **ગિતી.**

ભવ ભવ ભગ્તી માગું, જાચું એ બે રાજ કાજ કરવા
કેદારસીંહ તણાં તો, આત્મા તારી થકી દુઃખ હરવા. ૨

(ત્યાર બાદ અંબાજીના કેહેવા પ્રમાણે કરે છે.)

(પ્રવેશ ૧૦ મો.)

(સ્થલ ચંદ્રાવતી નગરીમાં માંનુ માલણનો બાગ)

(દીપચંદ માલણનો પુત્ર બની મણી લેવાની તદબીર કરે છે)

દીપચંદ— **(હરીગીત છંદ)**

આશાલ તાલ તમાલ આમ્ર વિશેષ દાડમનાં વળી,
તરૂઓ અતી બીલી તણાં મેં વાવીયાં હેતે કરી;
આલીંબને ફંનસ વળી નારંગી વૃક્ષો માહરાં,
વાવેલ છે જગદીશ પણ સરવે થયાં છે તાહરાં. ૧
આ આંમલી ને પીપલી નીગ્રોધ વૃક્ષો દેખીને,
આ બાગ મારો છે સુ શોભીત હેતથી તે પેખીને;
દીલ હર્ષ થાયેછે બહુ પણ ઓળખે નહી મુજને,

જેથી બળાપો હાય હાયે થાય છે દીલ મુજને. ૨
(ત્યાર બાદ દીપચંદ યુક્તી કરી માલણ પાસેથી મણી લ-
ઇને નાગકન્યા પાસે દાખલ થાય છે)

પ્રવેશ ૨૧ મો

સ્થલ ચંદ્રાવતી નગરીનો બાગ.

નાગકન્યા— (ઇશ્વરસ્તુતિ કરેછે રાગ ધન્યાશ્રી)

દુઃખ સમુહ વિદાર, પ્રભુ હવે દુઃખ સમુહ વિદાર (ટેક)
લંપટ સેનને અવધી આપીછે, માસ તણી રે દયાલ, પ્રભુ.
ચાર દીવસ છે બાકી તેમાં, તે આવશે તતકાલ, પ્રભુ. ૨
નીચ તણે હું હાથ પડી છું, એ દુખ છેરે કૃપાલ, પ્ર.
માટે હવે હું પ્રાણજ છોડું આશરો એક મુરાર, પ્રભુ. ૩

નાગકન્યા— (ગલામાં ફાંસી લેતી વખત)

(મા મુજને કેમ દીધી કેદી કંથને. એ રાહ)
હે અંબાજી માતા સત્ય રખાવજે. ટેક.
શાલ તાલ તમાલ અશોક ને આમલી
પ્રાણ પતિને કેજો મારા પ્રણામ જો
હું નીરદોષી ફાંસીમાં રે ફસાઇને
ગયછું સ્વર્ગે કરી તમોને સલામ જો. હે અંબા.
ભવ ભવ દેજે કેદારસિંહ પતિ મુને
જનમ જનમાં તાતજ મારો નાગ જો
આરાસુરની વાસી ભગિત તાહરી

દેજો પણ ન લગાડીશ આવો ડાઘ જો. હે અંબા.
હે અપ્સરા રાવત ચક્રવાને મેનકા,
મયુર તમે પણ સાક્ષી રેજો વીરજો;
મારાં પાપે હુંજ મરૂં છું આ સમે,
પ્રાણપતિ મારાને દેજો ધીરજો. હે અંબાજી.
ધીક પડો આ જતીના અવતારને,
વલી સુરૂપા થાયે પુરણ પાપ જો;
લંપટ લબાડ લુચ્ચા પાસે હારવું,
છેવટ આવું દુખ પડેરે અમાપ જો. હે અંબાજી.
પર નારીને જે માણસ દુઃખ આપશે,
તેને મારો શ્રાપ થશે ભગવાન જો;
લંપટસેન પ્રમાણે તેના વંશને,
મુળ થકી ઉખેડે દીનાનાથ જો. હે અંબાજી.

પ્રવેશ ૧૨ મો.

કેદારસીંહ— (રાગ મેવાડો.)

મમ પ્રાણ પ્યારી નારી રે, તું આવે મારી પાસ; ટેક.
હું નીરભાગી એકલો રે, રીયો વાવની માંય;
પ્રાણ પ્યારી તો ક્યાં ગઈ રે, મન મારૂં મુંઝાય. તું આવે.
મણી લઈ ને તું ગઈ રે, હમણાં આવીશ કહી;
પાછું મુખ ન બતાવીયું રે, વલ્લભા ક્યારે રેહી. તું આવ.
હાયે હાયે મમ મીત્ર ગયો, વલી ભામીની ભુલી ગઈ;

આ અવાસે રાખીને રે, તું ક્યાં સંતાઈ રહી. તું આવ૦
બહુ દીન વિત્યા સુંદરી રે, જો નહીં આવે આજ;
આ દેહને તો પાડીશું રે, પ્યારી તારે કાજ રે. તું આવ૦

(રાગ ઝીંઝોટી)

(જનમો જનમ ગુન માનુંગી તેરા) એ રાહ.

પ્યારી બીના નહીં સુખજ થાશે,
આ દુઃખ તો મમ નાંહીરે જાશે. (પ્યારી બીના૦) ૧
પંકજ વદની ક્યારે ગઈ છે,
ગુપ્ત વાસમાં છુપી રઈ છે. (પ્યારી બીના૦) ૨
હે મમ પ્યારી આમ ઘટે ના.
તવ સુખ બીન મમ દુઃખ મીટે ના (પ્યારી બીના૦) ૩
તુજ વિના મમ ચેન પરે ના,
તો પણ વિનતી ધ્યાન ધરે ના. (પ્યારી બીના૦) ૪

(ધનુશ છરાયે ધર્યું રે) એ રાહ.

હું આવ્યોછું પ્રભુ આંય, વૃથા દીગમુઢ થયો રે;
વળી નારી ગઈ છે ક્યાંય, હરી દીગમુઢ થયો રે. (૧)
ગયો મીત્ર વળી મમ તેમ, વૃથા દીગમુઢ થયો રે;
હવે રમતો જડશે કેમ, હરી દીગમુઢ થયો રે. (૨)
હવે નિસ્ચે મરવું થાય, વૃથા દીગમુઢ થયો રે;
માટે અંબાજી કરજો સહાય, હરી દીગમુઢ થયો રે. (૩)

(પુષ્પીતાગ્રા છંદ.)

અવયવ શીથીલા થયા છે મારા,

પ્રીય પ્યારી વિખુટા પડ્યાથી તારા;
હરિ હરિ રજની વિશે ન નીદ્રા,
અરિ ચારી દીવસો બન્યા સુભદ્રા. (૧)

(કેદારસીંહ તલવાર ગળે માંડી મરવા તૈયાર થાયછે તે વખત)

શશીલેખા—(રાગ કલ્યાણનો દાદરો).

નૃપતી શું છોડો ધીરજ આજ,
પ્યારી તો એ મળશે તમારી રે; (નૃપતી શું૦) ટેક
નાગકંન્યાના વિરહ દુઃખે,
વિકળ ન થઇયે સુવિચારી રે; (નૃપતી શું૦) ૧
અંબા ભવાની તણી કૃપાથી,
શુભ મતી મળશે એ નારી રે; (નૃપતી શું૦) ૨
પુંવાર રાજા, ધીર સુવીર,
કરો અસી કર થકી ન્યારી રે; (નૃપતી શું૦) ૩
અમે અબળા કોણ આધા રે,
જીવીશું આ દુઃખને સંભાળી રે; (નૃપતી શું૦) ૪

(તે દરમીયાનમાં નાગકન્યા તથા દીપચંદ પ્રવેશ કરે છે).

નાગકંન્યા—(રાગ ઇંદ્ર સભાની ચાલતી ઢબ)

દીપચંદના પ્રતાપથી હું ઉગરી,
પ્રાણનાથ માંનજો કહું ઉચરી; ૧
દીપચંદ જો ન હોત તો પ્રભુ અરે,
પ્રાંણ જાત માહરા વિશુદ્ધ રે ખરે; ૨
ફુઈ બા તણા અતી કઠોર કરથી,

હું અમાંણી નાથ કહું આજ સત્યથી; ૩
હણ્યું થયું માહરૂં તે લંપટસેનથી,
દીપચંદ આવીયો અંબાજી સત્યથી; ૪
અશ્વ ને મણી લઈ તે પાસ આવીયો,
દુઃખના સમુદ્રમાં મુંને તો ભાવીયો; ૫
ત્યાં થકી અમેજ આવીયાં ઈહાં પ્રભુ,
રાજવંશી રાજભુપ પ્રાંણના વિભુ; ૬

કેદારસીંહ—(રાગ ભૈરવીની દીપચંદી)

મમ મીત્ર વર્ય દીપચંદ તુને પ્રણાંમ,
મીત્રને પ્રણાંમ શત કોટી રે પ્રણાંમ; (મમ મીત્ર૦) ૧
તેં દુઃખ મારૂં દુર કરીને,
સુખ કર્યું આ ઠામ; (મમ મીત્ર૦) ૨
ગુણ ન ભુલું મીત્ર તમારા,
દીપચંદ ગુણ ધામ. (મમ મીત્ર૦) ૩
પાદ ત્રાંણ મમ ચર્મતણાં કરી,
અનૃણી ન પામું નામ. (મમ મીત્ર૦) ૪
આ મમ પ્યારી તેજ મીલાવી,
આપ્યું અભયનું દાંન. (મમ મીત્ર૦) ૫
જલરે બંધનથી તેજ છોડાવી,
સીધ કર્યું મમ કામ. (મમ મીત્ર૦) ૬
સુસ મીત્ર તો આવા હજોરે,
જગમાં રાખ્યું નામ. (મમ મીત્ર૦) ૭

દીપચંદ—(મુઝે છોડ ચલા બનજારા.) એ રાહ.

હે મીત્ર વર્ય તું મારા ઉપકાર ગણે શું પ્યારા. (ટેક).
તું રાજવંશી છે ભુપ, વળી ગુણવિદ્યાનો કુપ;
તું રાજછત્ર ધરનારા ઉપકાર ગણે. શું૦ ૧
તું ક્ષત્રી કુળનો સ્થંભ, હું વણીક જાતીની સંગ;
કરી મૈત્રી અતી અપારા, ઉપકાર ગણે. શુ પ્યારા. ૨
મમ ભુલ ક્ષમાને કરશો, આ વચન શ્રવણ શાંભળશો;
આંહી રેવું નહીં નીરધારા, ઉપકાર ગણે શુ પ્યારા. ૩
હવે નગરેકકે તો જઈયે, પ્રણામ પીતાને કરીયે;
તો ચાલો કાલ સવારા, ઉપકાર ગણે શું પ્યારા. ૪
ઉપકાર ગણો અંબાનો, જેથી દુઃખ ટળ્યું એ માનો;
પણ સત્વર થાઓ તૈયારા, ઉપકાર ગણે શું પ્યારા. ૫

પ્રવેશ ૧૩ મો.

(સ્થળ નગરેકકાનો રાજમેલ.)

નાગકંન્યા— રાગ (મનાડો.)

તું તો આદ્યમાયા અંબારે; આ તારો પ્રતાપ; (ટેક.)
બહુ દુઃખને અમે સહ્યા, પણ અંતે થયું સુખ;
અંબા તારી તો કૃપાથી, દુર ગયું દુઃખરે. (આ તારો૦) ૧
નાગકંન્યાનું થયું તુ હર્ખું, ભ્યારે માત;
દીપચંદને મોકલ્યોરે, તેં દુઃખ વેઠી જાત. (આ તારો૦)૨
અક્ષમણી આપીયોરે, માજણથી તે તુંય;

એ તારા ઉપકારનેરે, નાહી ભુલું હુંયરે. (આ તારો૦) ૩
દેજે જ્યતી તાહરીરે, ભક્તોને વરદાન;
અમે તારે આશરે છીં, હે આદી નીદાંન. (આ તારો૦) ૪

(કેદારસીંહને સરપ કરડવાનો છે જેથી દીપચંદ શ્રમ શીત આવીને સરપને મારેછે પરંતુ ઝેરી લોહીનું બીંદુ નાગકન્યાના ગાલપર પડવાથી ખેદયુકત થાયછે તે વખત અંતરીક્ષથી.)

અંબાજી— (ગિતી.)

દીપચંદ તું ડરના, કરવા તાકીદ આજ આ કાજ;
રક્ષા કરવાને હું. તારી પાસે રેહીશ હું આજ. ૧
મત ડર પ્રધાન પુત્રા, દીપચંદ તું હીમતને ધરને;
પાન કરે છંહાથી, માત્ર ખુધી થકી તું ના ડરને. ૨

(આ વખતે કેદારસીંહ જાગ્રત થવાથી, દીપચંદને આહીં આવવાનું કારણ પુછેછે ને ખરી હકીકત કેતાં અંબાના શાપથી દીપચંદ પથરરૂપ થઈ જાય છે તે વખત.)

કેદારસીંહ—(રાગ પરજ, મરાઠી ચાલની ઠુંમરી.)

અરર મેં તો બુરૂં કર્યું છે, મીત્રતણું માહારાજ;
કૃતઘ્ની હું હીન વિચારે, સાહસ કૃત્યને કાજ. ૧
જેરે મીત્રે મમ ભામીની આપી, લંપટસેન થકી તો;
અશ્વમણીને પોતેજ લાવ્યો, નેત્ર ફોડીને નકી તો. ૨
આંગળી કાપી મુને બચાવ્યો, સીંધુ નદીનેરે તીર;
પુષ્પ તણો દરવાજો બનાવ્યો, રક્ષણ કરવારે ધીર. ૩

જળબંધનથી મુનેરે છોડી, સ્વનગરીમાંરે લાવ્યો;
તે ઉપકારતણાં બદલામાં, મેં પથરોજ બનાવ્યો; ૪
ધીખ મુનેછે હવે શું જીવું, મીત્રવિના જગમાંહી;
આ તળવારથી દેહજ પાડું, એકજ ક્ષણમાંરે આહી. ૫

નાગકન્યા— રાગ કલ્યાણ.

(રાજાજી શું કરો જુલ્મ આ) એ રાહ.

અંબાભવાની, રક્ષા કરોને; (ટેક.)
પ્રાણનાથ મમ મુરછા પામ્યા,
મીત્ર તણું દુઃખને સંભારોરે. અંબા ભવાની૦) ૧
સંકટ સરવે માત નીવારો,
તુજ વિના નથી એકે આરોરે; (અંબા ભવાની૦) ૨
પથ્થર રૂપ આ પ્રાણ થયું છે,
મુળ રૂપ કરીને ઉગારોરે; (અંબા ભવાની૦) ૩
આવોને વેલાં માત કૃપાળુ,
દુઃખ તણાં ઉદધીથી તારોરે; (અંબા ભવાની૦) ૪

(અંબાજી પ્રસંન થાય છે ને દીપચંદને સજીવન કરેછે અને પછી બધાએ મળી અંબાજીની સ્તુની કરે છે.)

જય જય હે મહીશાસુર મર્દિની, રંમ્ય કપર્દિની શૈલસુતે;
જયજય હે૦
અયિગિરિ નંદિની નંદિત મેદિની વિશ્વ વિનોદિનિ નંદીનુતે;
ગિરિવર વીંધ્ય શિરોધિનિ વાસિનિ વિશ્નુ વિલાસિનિ વિ-
શ્નુંનું તે;

ભગવતી હે શિતિ કંઠ કુટુંબીની ભુરિ કુટુંબીનિ ભુતકૃતે;
જયજય હે૦ ૧

(તમામ પાત્રો મળી અંબીકા દેવીની સ્તુતિ કરેછે.)

(સ્વદેશી સજનો એ રાહ)

માતુ અંબીકે હે મૃડાનીકે બાલકોની સહાય કરી હેમ બાલિકે;
તું ભવતારણુ અઘ નીવારણુ હીમાચલ બાલિ;
અમો બાલની રક્ષા કીધી દુઃખ બધું ટાળી; માતુ૦
જનમ જનમ દે ભગ્તિ તારી મહિશમર્દિની તું,
સંકટ સમયે રક્ષા કરજે એ વર માગું હું; માતુ૦
અંબા બાળા બહુચરીને આદ્યશક્તિ છે તું,
અનેક રૂપે હે નવદુર્ગે પ્રણમું માતું હું; માતુ૦
જેવી સહાય અમારી કીધી તેવી દુનિઆં માંય,
આપ તણા ભગ્તોની કરજે એ અંબાજી માય; માતુ૦
કરજે કરૂણા દીનજનોને દુઃખને કરજે દુર,
ગોકુળજી કહે કરજોડીને હર્ષ ધરી ભરપુર; માતુ૦

સમાપ્ત.

સજ્જનોને વીનંતી.

આ કેદારસિંહ નાટકના ઓપેરા છપાવતી વખત મોરબી નીવાસી શાસ્ત્રી ઘેલાશંકર પુંજાભાઈ તથા રા. રા. ઠાકર ત્રીભોવન દયારામ તેમજ પરમ હીતેચ્છુ ભટ શીવશંકર દયાળજી તથા પરોપકારી ત્રવાડી મોતીરામ માધવજી અને ગુણુજ્ઞ શુકલ મકનજી નિરભેરામે અવલથીજ બસેં બસેં નકલો ખરીદ કરી ગ્રંથ કરતાને આભારી કર્યા છે; જેથી તે સાહેબોનાં મુબારક નામ અમર રાખવા આ જગોએ દાખલ કરેલ છે.

વિનંતિ ગોકળજી વી. પ્રાણજીવન.

રાવળ મોરબી.